પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૧૫૩ | ૧૧ ઓગસ્ટ, ૨૦૨૩, શુક્રવાર; અધિક શ્રાવણ વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# કોંગ્રેસ પાસે નીતિ, નિયત કે વિઝન નથી : નરેન્દ્ર મોદી

**સરકાર સામેની અવિશ્વાસ પ્રસ્તાવની દરખાસ્તનો ધ્વનિમતથી અસ્વિકાર : મણિપુર હિંસા મુદ્દે વિપક્ષના અવિશ્વાસ પ્રસ્તાવ પર મોદીના પ્રહાર : વિપક્ષનો અવિશ્વાસ પ્રસ્તાવ અમારા માટે શુભ, વિપક્ષો ૨૦૧૮માં પણ આ પ્રસ્તાવ લાવ્યા હતા, ૨૦૧૯માં એનડીએ-ભાજપે મોટી જીત નોંધાવી હતી : આ ઈન્ડિયા નહીં પણ ઘમંડિયા ગઠબંધન, અમારા માટે નોર્થ ઈસ્ટ જિગરનો ટુકડો છે, નોર્થ ઈસ્ટ, મણિપુરની વર્તમાન સ્થિતિનું કારણ કોંગ્રેસ છે : વિપક્ષના અપશબ્દો એ મારી માટે ટોનીક છે : મારા જીવનની ક્ષણ ક્ષણ અને મારા શરીરનો કણ કણ દેશ માટે છે : વડાપ્રધાન**

નવી દિલ્હી, તા. ૧૦

સંસદના ચોમાસુ સત્રમાં વિરોધ પક્ષો દ્વારા લાવવામાં આવેલ અવિશ્વાસના પ્રસ્તાવનો આક્રમક અને અભ્યાસુ જવાબ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બે કલાકથી પણ વધુ લાંબા સમય સુધી પ્રવચન કરીને લોકસભામાં આપ્યો હતો. પ્રવચનનો પ્રારંભ કરતા નરેન્દ્ર મોદીએ જણાવ્યુ કે હુ ઈશ્વરનો આભાર માનુ છુ કે તેઓએ વિરોધ પક્ષોને આ અવિશ્વાસ પ્રસ્તાવ લાવવાની પ્રેરણા આપી. તેનુ કારણ એ છે કે આ અમારો ફ્લોર ટેસ્ટ નથી પણ વિપક્ષનો ફ્લોર ટેસ્ટ છે. અમારામાં તો પ્રજાએ ભવ્ય વિશ્વાસ વ્યક્ત કરી દીધો છે. એ રીતે જોઈએ તો આવા અવિશ્વાસ પ્રસ્તાવ અમારી માટે શુકનિયાળ હોય છે. આ વાતનો પુરાવો આપતા મોદીએ કહ્યુ કે ૨૦૧૮માં વિરોધ પક્ષો મારી સામે અવિશ્વાસનો પ્રસ્તાવ લાવ્યા હતા અને ૨૦૧૯માં અમે ભવ્ય બહુમતિથી જીત્યા હતા. આજે ૨૦૨૩માં આ પ્રસ્તાવ આવે છે ત્યારે એજ શુકન લંબાશે અને ૨૦૨૪માં અમે રેકર્ડબ્રેક બહુમતિ સાથે લોકસભામાં પાછા ફરીશુ.

વિપક્ષો ઉપર સંયમિત ભાષામાં વરસી પડતા વડાપ્રધાને જણાવ્યુ કે વિરોધ પક્ષોને ગરીબની ભુખની ચિંતા નથી, પરંતુ સત્તાની ભુખની ચિંતા છે. વિપક્ષોને યુવાનોમાં રસ નથી પણ પોતાની રાજનીતિમાં રસ છે. આ પક્ષોએ દેશને નિરાશા સિવાય કશુ આપ્યુ નથી. જેના વહી-ખાતા બગડેલા છે એવા લોકો અમારો હિસાબ માંગે છે. કોંગ્રેસ પક્ષ પર સીધુ નિશાન



તાકતા નરેન્દ્ર મોદીએ કહ્યુ કે કોંગ્રેસ પક્ષ પોતાના સદનના નેતા અધીર રંજન ચૌધરીને જ બોલવાનો સમય આપવા નથી ઈચ્છતો અને જ્યારે સમય મળ્યો ત્યારે અધીર રંજન ચૌધરીએ ગોળનું ગોબર કરી નાંખ્યુ જેના આપણે સૌ સાક્ષી છીએ. ૨૧મી સદીના બીજા દસકાના પ્રારંભે આ દેશમાં જે ભવ્ય પરિવર્તન આવ્યુ છે એની અસર આવતા ૧ હજાર વર્ષ સુધી રહેવાની છે. કારણ કે આ દેશના દરેક સ્વપ્ન સિદ્ધ કરવાનો ગાળો છે. આઈ.એમ.એફ.ના અહેવાલનો હવાલો આપીને મોદીએ જણાવ્યુ કે સાડાતેર કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે અને ભારત દેશ સંપૂર્ણ ગરીબીમાંથી લગભગ બહાર નીકળી ગયો છે. ડબલ્યુ.એચ.ઓ.ના અહેવાલને ટાંકતા વડાપ્રધાને કહ્યુ કે ૩ લાખ લોકો સ્વચ્છતાની ઝુંબેશને કારણે મૃત્યુથી બચ્યા છે. જળ-જીવનથી ૪ લાખ લોકોની જાન બચી છે. વિરોધ પક્ષો દ્વારા વપરાયેલા અપશબ્દો પરત્વે કટાક્ષ કરતા નરેન્દ્ર મોદીએ જણાવ્યુ કે આ શબ્દો મારી માટે તો ટોનિકનુ કામ કરે છે. કોંગ્રેસ પક્ષના ઈતિહાસની વાત કરતા નરેન્દ્ર મોદીએ કહ્યુ કે આ પક્ષની સ્થાપના જ વિદેશીએ કરી છે. પોતાના નેતૃત્વ હેઠળની સરકાર દ્વારા થયેલી પ્રગતિની વાત કરતા મોદીએ જણાવ્યુ કે આજે ભારત આર્થિક દ્રષ્ટિએ વિશ્વના પ્રથમ પાંચ દેશોમાં સ્થાન પ્રાપ્ત કરી

● અનુસંધાન પાન-૭ પર


## વોક ઈન ઈન્ટરવ્યુ

**ધી લોદરા નાગરિક સહકારી બેન્ક લિ.**

લોદરા, તા. માણસા, જી. ગાંધીનગર

મો. નં. ૯૮૨૫૨ ૪૩૭૧૪

**સહકારી બેન્ક માટે મેનેજર જોઈએ છે.**

| | |
|---|---|
| લાયકાત : | ઓછામાં ઓછા સ્નાતક, કોમ્પ્યુટરની જાણકારી જરૂરી. |
| અનુભવ : | સરકારી બેન્કના મેનેજર તરીકેનો ઓછામાં ઓછો ૧૦ વર્ષનો અનુભવ તેમજ સહકારી કાયદા અને રીઝર્વ બેન્કના નિયમોની જાણકારી જરૂરી. |
| ઉંમર : | ૪૦ વર્ષથી વધુ હોવી જોઈએ. |
| નોંધ : | રસ ધરાવતા ઉમેદવારોએ લાયકાત તેમજ અનુભવના પુરાવા સાથે સ્વહસ્તાક્ષરમાં અરજી સાથે તા. ૧૭/૦૮/૨૦૨૩ને ગુરૂવારના રોજ ૧૧-૦૦ કલાકે બેન્કની ઓફીસે હાજર રહેવું |

ચેરમેનશ્રી તથા
વ્યવસ્થાપક કમિટીના આદેશથી


## વન-ડે વર્લ્ડ કપની ટિકિટનું ૨૫ ઓગસ્ટથી વેચાણ થશે

**ભારતમાં પાંચમી ઓક્ટોબરથી વનડે ક્રિકેટ વર્લ્ડ કપ**

નવી દિલ્હી, તા.૧૦

ભારતમાં ૫ ઓક્ટોબરથી યોજાનારા વનડેવર્લ્ડ કપની ટિકિટ ૨૫ ઓગસ્ટથી એટલે કે ટૂર્નામેન્ટ શરૂ થવાના ૪૦ દિવસ પહેલાથી વેચવામાં આવશે. બુધવારે ૯ ઓગસ્ટના દિવસે, આઈસીસીએ અપડેટેડ શેડ્યૂલ જાહેર કર્યા પછી તરત જ ટિકિટ સંબંધિત આ મહત્વપૂર્ણ માહિતી આપી હતી. એક નિવેદનમાં પ્રક્રિયાને સમજાવતા, આઈસીસીએ કહ્યું હતું કે ચાહકોટિકિટ વેચાણ શરૂ થાય તે પહેલા ૧૫ ઓગસ્ટથી https://www.crickteworldcup.com/register પર રજીસ્ટર કરાવી શકે છે.

● અનુસંધાન પાન-૭ પર

## પાકિસ્તાનમાં અચાનક સંસદ ભંગ

**ત્રણ માસમાં ચૂંટણી થઈ શકે છે : પાકિસ્તાનમાં ભારે રાજકીય ઉથલપાથલ :પૂર્વ પ્રધાનમંત્રી ઈમરાન ખાન આ ચૂંટણીમાં ભાગ લઈ શકશે કે નહીં એ સવાલ, રાષ્ટ્રપતિએ સંસદ ભંગ કરી**

ઈસ્લામાબાદ, તા.૧૦

પાકિસ્તાનમાં ભારે રાજકીય ઉથલપાથલ જોવા મળી રહી છે. અડધી રાતે ત્યાં અચાનક સંસદ ભંગ કરી દેવાઈ. એવું મનાઈ રહ્યું છે કે આગામી ત્રણ મહિનાની અંદર ત્યાં ચૂંટણી થઈ શકે છે. આ બધા વચ્ચે હવે સવાલ એ ઊભો થયો છે કે પૂર્વ પ્રધાનમંત્રી ઈમરાન ખાન આ ચૂંટણીમાં ભાગ લઈ શકશે કે નહીં. કારણ કે ૭૦ વર્ષના ઈમરાન ખાન હાલ પાકિસ્તાનની જેલમાં બંધ છે. તેમને તોશખાના ભ્રષ્ટાચાર મામલે ૩ વર્ષની સજા થઈ છે.

પાકિસ્તાનના રાષ્ટ્રપતિ આરિફ અલ્વીએ પ્રધાનમંત્રી શાહબાજ શરીફની ભલામણ પર બુધવારે મધરાતે સંસદ ભંગ કરી દીધી. અત્રે જણાવવાનું કે સંસદના નીચલા સદન નેશનલ એસેમ્બલીને પાંચ વર્ષના બંધારણીય કાર્યકાળ પૂરો થાય તેના ત્રણ દિવસ પહેલા જ ભંગ કરી દેવાઈ છે. આ સાથે જ શાહબાબજ શરીફ સરકારનો કાર્યકાળ પણ પૂરો થઈ ગયો.

સંસદને ભંગ કરવા અંગેના નોટિફિકેશનમાં કહેવાયું છે કે નેશનલ એસેમ્બલીને બંધારણની આર્ટિકલ ૫૮ હેઠળ ભંગ કરાઈ

● અનુસંધાન પાન-૭ પર

## RBIએ રેપો રેટ યથાવત રાખ્યો

**આરબીઆઈના ગવર્નર શક્તિકાંત દાસે કહ્યું કે આરબીઆઈનું ફોકસ મોંઘવારી ઘટાડવા પર છે અને આપણી અર્થવ્યવસ્થામાં વૃદ્ધિ અકબંધ છે**

નવી દિલ્હી, તા.૧૦

ભારતીય રિઝર્વ બેંકે આજે તેની નાણાકીય નીતિ જાહેર કરી છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ગવર્નર શક્તિકાંત દાસે જાહેરાત કરી છે કે રેપો રેટ અને રિવર્સ રેપો રેટમાં કોઈ ફેરફાર કરવામાં આવી રહ્યો નથી. રેપો રેટ ૬.૫૦ ટકા પર યથાવત રાખવામાં આવ્યો છે. લોન લેનારાઓ માટે આ સારા સમાચાર છે કારણ કે હવે બેંકોને લોનના વ્યાજ દરમાં વધારો કરવાનું

## હરિયાણામાં માર્ગ અકસ્માતમાં ગુજરાતના પાંચ યુવકોના મોત

**કેએમપી એક્સપ્રેસ વે પર પાર્ક ટ્રકની સાથે કાર ટકરાતાં અકસ્માત**

રોહતક, તા.૧૦

ગુજરાતની ક્રેટા કાર બાદલીથી બહાદુરગઢ તરફ જઈ રહી હતી. તે પાછળથી રોડની બાજુમાં પાર્ક કરેલી ટ્રક સાથે અથડાઈ હતી.

● અનુસંધાન પાન-૭ પર




**અમૃતપુરી એમ. ગોસ્વામી**

(૧૩.૧૨.૧૯૫૭ - ૧૧.૮.૨૦૧૫)

અમારે માટે તો તમે છો નિરંતર પ્રેરણા શ્રોત,
અમારા પ્રત્યેક વિચાર અને કાર્યમાં પથદર્શક,
અમારા સ્વપ્નો, અમારા પ્રયત્નો અને અમારી
પ્રતિબદ્ધતામાં તમે સદા જીવંત રહો....

न जायते म्रियते वा कदाचिन्नायं भूत्वा भविता वा न भूयः ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो न हन्यते हन्यमाने शरीरे ॥
આત્માને ના જન્મ, ના મૃત્યુ; ના આદિ, ના અંત. અજન્મ અને અમર
એવો એ સનાતન સદાય, ના કોઈને હણે, ના કોઈથી હણાય.

- ભાગવદ ગીતા (અધ્યાય ૨ - શ્લોક ૨૦)

**પ્રેરણા સ્મૃતિમાં**

જયાબેન અમૃતપુરી ગોસ્વામી

મેહુલ અમૃતપુરી ગોસ્વામી
દિવ્યા મેહુલ ગોસ્વામી
કુ. ધ્રીશા મેહુલ ગોસ્વામી
અંશ મેહુલ ગોસ્વામી

રવિપુરી અમૃતપુરી ગોસ્વામી
નેહા રવિપુરી ગોસ્વામી

૧૬૭૬/૧, સેક્ટર-૨-ડી, ગાંધીનગર. મો. ૯૮૨૫૦ ૭૪૫૦૦



## હાર્દિક શુભકામનાઓ



**શ્રી કેતનભાઈ પટેલ**

આપશ્રીને ગાંધીનગર સમાચારનું સંચાલન સંભાળવા બદલ
સેક્ટર-૨૨ શોપીંગ સેન્ટરના વેપારી મંડળના સર્વે વેપારીઓ
આપને ખૂબ ખૂબ હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે અને આપ
ઉત્તરોત્તર પ્રગતિ કરો તેવી હાર્દિક શુભકામનાઓ...

લી.

પશાભાઈ એમ. પટેલ (દાસભાઈ)
સહજાનંદ શ્રોફ
અશોકભાઈ સી. પટેલ
વાઈસ ચેરમેન : ધી ગાંધીનગર અર્બન કો.ઓ. બેંક લિમિટેડ
પ્રકાશભાઈ સુખડીયા
જયઅંબે સ્વીટ માર્ટ
મનીષભાઈ ડી. પટેલ
જીજ્ઞેશભાઈ પી. પટેલ
શ્રી લક્ષ્મી ટ્રેડર્સ
ભરતસિંહ પી. ગોલ
અંબિકા એન્ટરપ્રાઈઝ
ઘનશ્યામ મુલાણી
દિવ્ય લક્ષ્મી બેકરી
ચેતનભાઈ જે. શાહ
ચેતન વોચ કંપની
જગદીશભાઈ અગ્રવાલ
પૂનીત એમ્પોરીયમ
કિર્તીભાઈ સુખડીયા
બટુક સ્વીટ માર્ટ
જગદીશભાઈ એ. શર્મા
અકલી હેર આર્ટ

કાલીદાસ વી. પટેલ (અંબિકા ટ્રેડર્સ)
પૂર્વ ચેરમેન : ધી ગાંધીનગર અર્બન કો.ઓ. બેંક લિમિટેડ
દશરથભાઈ એમ. પટેલ
(J.D. Patel)
પ્રભાતભાઈ એ. દેસાઈ
વાળીનાથ ફર્નિચર
દિપકભાઈ એમ. પટેલ (શ્રોફ)
ડો. સંજીવ બી. શાહ
સંજીવની ડેન્ટલ ક્લિનીક
રીતેષ આર. પટેલ
રીયલ ઈન્વેસ્ટમેન્ટ
ભરતભાઈ ડી. જોષી (અકાલાલ)
નવનીતભાઈ આર. પટેલ
અશોક ટ્રેડર્સ
દિપક આઈ. પટેલ
કૈલાસ ટ્રેડીંગ કંપની
વિરેન્દ્રસિંહ ડી. વાઘેલા
શિવમ્ કિરાણા સ્ટોર્સ
વિપુલભાઈ ડી. શાહ
વિપુલ સાયકલ સ્ટોર્સ
સુરેશભાઈ એ. પ્રજાપતિ
કેપીટલ સ્ટેશનર્સ એન્ડ ઝેરોક્ષ